




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग "जन फरियाद"

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-49 ■ તા. 04-12-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# નરેન્દ્ર મોદીના કાફલા પર ફૂલ નાખવા જતાં યુવકનો મોબાઇલ પડ્યો

## એસપીજી અધિકારીઓએ એક વ્યક્તિને ડિટેઇન કરીને કારંજ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.



અમદાવાદ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં સહેજ પણ ચૂક આવે તો ખૂબ મુશ્કેલી સર્જાઈ શકે છે, પરંતુ ગઈકાલે એક અજાણતા એવી ઘટના બની કે પીએમની સુરક્ષા સાથે જોડાયેલા તમામ સુરક્ષાકર્મીઓને એલર્ટ થઈ જવું પડ્યું હતું. પ્રધાનમંત્રી લકી રેસ્ટોરાંથી વીજળી ઘર તરફ નીકળી રહ્યા હતા ત્યારે તેમના પર એક યુવક પુષ્પ વર્ષા કરી રહ્યો હતો. એ દરમિયાન તેના હાથમાંથી મોબાઈલ છટકી ગયો અને પીએમની કાર પર પડ્યો હતો. એને કારણે તેમની કાર પર શું આવ્યું એ જાણવા એસપીજી સહિત ઉચ્ચ અધિકારીઓ એલર્ટ થઈ ગયા હતા.

એસપીજી અધિકારીઓએ એક વ્યક્તિને ડિટેઈન કરીને કારંજ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. જ્યારે પોલીસ-ઈન્સ્પેક્ટરને હજી સુધી આ ઘટનાની કોઈ જાણ જ નથી. આ અંગે રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયાએ જણાવ્યું હતું કે ભૂલથી મોબાઈલ પડી જવાની ઘટના બની હતી.

અમદાવાદના મહત્ત્વના તમામ વિસ્તારોમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોડ શો કર્યો હતો. એ દરમિયાન તેમની સુરક્ષાના દરેક પગલાની જવાબદારી એસપીજીને હતી અને અમદાવાદ શહેર પોલીસના ચુનંદા અધિકારીઓ તેમની સાથે દરેક કદમ પર સાથે ને સાથે હતા, પરંતુ કારંજ વિસ્તારમાં એક એવી ઘટના બની, જેના કારણે તમામ સુરક્ષા વ્યવસ્થાને એલર્ટ કરી દેવામાં આવી હતી.લકી રેસ્ટોરાંથી વીજળીઘર અને ત્યાંથી ભદ્ર તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જવાના હતા. આ વિસ્તારમાં અનેક જગ્યાએ નરેન્દ્ર મોદી ઉપર પુષ્પનો વરસાદ કરવા માટે લોકો ઉપર ચડ્યા હતા, એ સમયે એક યુવક, જે નરેન્દ્ર મોદી પર પુષ્પ વરસાવી રહ્યો હતો. તેણે પુષ્પવર્ષાની સાથે સાથે તેના મોબાઈલમાં રેકોર્ડિંગ કરી રહ્યો હતો. મોબાઈલ અચાનક તેના હાથમાંથી છટકીને પ્રધાનમંત્રીની કાર પર પડી ગયો હતો. એને કારણે પ્રધાનમંત્રીની કાર પર કશું આવ્યું કે ફેંકાયું એવી વાતો વહેતી થઈ હતી. આ સમગ્ર મામલે એસપીજે તાત્કાલિક આ યુવકને અટકાવીને સ્થાનિક અધિકારીને સોંપી કારંજ પોલીસ સ્ટેશન મોકલી આપ્યો હતો.

આ ઘટના બાદ આ યુવકના સમર્થનમાં ભાજપનો એક કાર્યકર પણ આવ્યો હતો. આ ઘટના અચાનક બની હોવાથી પોલીસે અને એસપીજીએ તપાસ કર્યા બાદ તેને જવા દીધો હતો.બીજી તરફ, અમદાવાદ ભદ્રકાળી મંદિર, જે વિસ્તારમાં આવ્યું છે એના કારંજ પોલીસ સ્ટેશનના પોલીસ-ઈન્સ્પેક્ટર આરટી ચૌધરી આ બનાવના કલાકો પછી પણ એની જાણ જ ન હતી અને આવું કશું બન્યું હોય એની તેમને ખબર જ નથી. તો પ્રધાનમંત્રી જેવા ફફેં અહીં આવે તો તેમની સુરક્ષા માટે તેઓ શું વ્યવસ્થા કરશે, એ તેમની કાર્યકુશળતા પર પ્રશ્નો ઊભા કરી રહ્યા છે.

આ અંગે આરટી ચૌધરીએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે આવું કશું બન્યું જ નથી અને કશું બન્યું હોય તો મને ખબર તો હોય ને! બીજી તરફ રાજયના પોલીસવાળાએ આવી ઘટના બની હોવાની પુષ્ટિ કરી હતી. રાજય પોલીસવડા આશિષ ભાટિયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે યુવકના હાથમાંથી અજાણતા મોબાઈલ પડી ગયો હતો. ત્યાર બાદ સ્થાનિક પોલીસ દ્વારા આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી

### રાજસ્થાનમાં ગેંગસ્ટર રાજુ ઠેહટની ધોળા દિવસે હત્યા

## સીકરમાં તેના ઘરની બહાર ગોળી મારીને હત્યા; આનંદપાલ ગેંગ સાથે દુશ્મની હતી

સીકર,તા.૩

રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રાજુ ઠેહટની આજે સવારે સીકરમાં ગેંગવોરમાં હત્યા કરવામાં આવી હતી. બદમાશોએ ઘરે પહોંચીને ઠેહાટને બેલ વગાડીને ઘરની બહાર બોલાવ્યો હતો અને ગોળીબાર કર્યો હતો. ઠેહાટને ૩થી વધુ ગોળીઓ વાગી હોવાનું જાણવા મળે છે. રાજસ્થાનના પોલીસ મહાનિર્દેશક ઉમેશ મિશ્રાએ જણાવ્યું કે એક બદમાશએ આ ફાયરિંગનો વીડિયો પણ બનાવ્યો. હત્યા કર્યા બાદ બદમાશો અલ્ટો કારમાં ફરાર થઈ ગયા હતા.

મિશ્રાએ કહ્યું કે બદમાશો પંજાબ અને હરિયાણા બોર્ડર તરફ જશે. રાજસ્થાન પોલીસ આ બદમાશોની પાછળ છે, રાજ્યભરમાં કડક સુરક્ષા આદેશો આપવામાં આવ્યા છે. તમામ એસએચઓને ફિલ્ડમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું કે ઠેહટનું ઘર શહેરના પિપરાલી રોડ પર છે. અહીં થયેલા ફાયરિંગમાં નાગૌરના એક વ્યક્તિનું પણ ગોળી વાગવાથી મોત થયું હતું. મળતી માહિતી મુજબ, મૃતક ફાયરિંગનો વીડિયો બનાવી રહ્યો હતો. તેથી આરોપીઓએ તેના પર ફાયરિંગ પણ કર્યું હતું.

રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રાજુ ઠેહટની આજે સવારે સીકરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, શહેરના પીપરાલી રોડ પર ઠેહટનું ઘર છે. તેના ઘરની બહાર જ તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, પરંતુ પોલીસે તેમના મૃત્યુની પુષ્ટિ કરી નથી.આ દરમિયાન ચાર બદમાશોના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં તેઓ હથિયારો સાથે ભાગતા જોવા મળે છે. બીજી તરફ ગોળીબારની માહિતી મળતા જ સીકર એસપી કુંવર રાષ્ટ્રદીપ સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. શેખાવતીમાં ઠેહટની ગેંગ ખૂબ જ સક્રિય હતી અને આનંદપાલ ગેંગ સાથે પણ તેની દુશ્મની હતી. આનંદપાલના એક્રાઉન્ટર પછી પણ બંને ગેંગ વચ્ચે વર્ચસ્વની લડાઈ ચાલુ જ હતી.રાજુ ઠેહટ સીકર પછી જયપુરમાં પોતાના મૂળિયા મજબૂત કરવા માંગતો હતો. આ હેતુ માટે તેણે જયપુરને પોતાનું સુરક્ષિત સ્થાન બનાવ્યું હતું. એટલું જ નહીં, રાજુ ઠેહટ વિવાદિત જમીનો અને સટ્ટાખોરીના ધંધાર્થીઓ પર પણ નજર રાખતો હતો. પરંતુ મહેશ નગર પોલીસ સ્ટેશને શાંતિ ભંગના આરોપમાં ધરપકડ કરી હતી આ પછી, રાજુ ઠેહટ પાછો સીકર શિફ્ટથઈ ગયો હતો. રાજુ ઠેહટને તેના ઘરની બહાર ગોળી મારવાની માહિતી મળી હતી. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે ગોળી ગેંગ વોરમાં મારવામાં આવી હતી કે પોલીસ દ્વારા એક્રાઉન્ટર કરાયું. ગેંગસ્ટર રાજુ ઠેહટને લક્ઝરી લાઈફ જીવવાનો શોખ હતો. તે મોંઘી કાર અને બાઈક પર કાફલા સાથે ફરતો. ગેંગસ્ટર રાજુ ઠેહટ સીકર બોસ તરીકે ઓળખાય છે.

જયપુર જેલવાસ દરમિયાન તેણે પોતાની ગેંગ વધારવાના હેતુથી જયપુરમાં પોતાનો અડ્ડો પણ બનાવ્યો હતો. જયપુરના સુએઝ ફાર્મમાં જે ઘરમાંથી તે પકડાયો હતો તેની કિંમત ૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ખરેખરમાં, રાજસ્થાનમાં, ગેંગસ્ટર આનંદપાલ સિંહ અને રાજુ ઠેહટ લગભગ બે દાયકા સુધી વર્ચસ્વ માટે લડ્યા. આનંદપાલના એક્રાઉન્ટર પછી રાજુ ઠેહટ પ્રબળ બન્યો હતો. જેલવાસ દરમિયાન પણ તેણે ખંડણીની માંગણી કરીને રક્ષણ આપવાના અનેક કિસ્સા સામે આવ્યા હતા. રાજુ ઠેહટ ગેંગ પરિવારના લોકો ગેંગસ્ટર સાથે સાંઠગાંઠ કરી રહ્યા છે.

ગેંગસ્ટર રાજુ ઠેહટે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. લોકોમાં એક્ટિવ રહેવા માટે તે રીલ બનાવતો અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતો રહે છે. મોંઘી કાર અને બાઈક શોકીન રાજુ ઠેહટ ઘણી વખત જયપુરમાં તેના ઠેકાણા પર ફરતો જોવા મળ્યો છે. ક્યારેક એકલા બાઈક ચલાવે છે તો ક્યારેક નવી લક્ઝરી કારમાં સવારી કરતી વખતે વીડિયો શૂટ કરે છે. પોતાના બંદૂકધારી અને કારના કાફલા સાથે રીલ બનાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતો રહે છે. ઠેહટને ગોળી મારવાની માહિતી મળતાં જ શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. શેખાવતીમાં ઠેહટની ગેંગ સક્રિય છે. ફાયરિંગની માહિતી મળતા જ એસપી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ઠેહટની સાથે તેના ચાર સાથીદારો પણ ૯ મહિના પહેલા જયપુરમાં ઝડપાયા હતા. જેમાં તેની સાથે ત્રણ બંદૂકધારી અને એક રસોઈયો પણ હતો. લગભગ ૩ મહિના પહેલા જામીન પર જેલમાંથી બહાર આવ્યા બાદ રાજુ ઠેહટ ગેંગને વધારવામાં વ્યસ્ત છે. રાજુ ઠેહટ ગેંગ પરિવારના લોકો ગેંગસ્ટર સાથે સાંઠગાંઠ કરી રહ્યા છે.

### દિલ્હીમાં લિવ-ઈન પાર્ટનરની છરાથી હત્યા

## આફતાબની જેમ લાશના ટુકડા કરવાનો પ્રયાસ કર્યો, ઘરમાં દીકરી હાજર હતી એટલે ફરાર

### પંજાબમાંથી ક્રાઈમ બ્રાન્ચે શખસની ધરપકડ કરી

નવીદિલ્હી,તા.૩

દિલ્હીના તિલકનગર વિસ્તારમાં શુક્રવારે એક મહિલાની લાશ મળી આવી હતી. આ મામલો તિલકનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ગણેશનગર વિસ્તારનો છે. લિવ-ઈન પાર્ટનર પર મહિલાની હત્યાનો આરોપ છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે તેનું ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. એટલું જ નહીં, મહિલાના જડબા પર પણ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. મૃતદેહના ટુકડા પણ કરવાનો પ્રયાસ કર્યો. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પંજાબમાંથી ક્રાઈમ બ્રાન્ચે શખસની ધરપકડ કરી છે. આરોપીનું નામ મનપ્રીત છે અને તે પહેલાં પણ અપહરણ અને હત્યાના કેસમાં સંડોવાયેલો છે.

આ મામલે વધુ એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આરોપી મનપ્રીત અંગે પોલીસે જણાવ્યું કે તે દિલ્હીમાં સેકન્ડહેન્ડ કારની ખરીદી અને વેચાણનો વેપાર કરે છે. તેના પિતા યુએસમાં સ્થાયી થયા છે. તેના લગ્ન ૨૦૦૬માં થયા હતા. તેની પત્ની સાથે તેને બે પુત્ર છે, પરંતુ વર્ષ ૨૦૧૫માં તે આ મહિલાના સંપર્કમાં આવ્યો અને બંને વચ્ચે પ્રેમ થયો. ત્યાર પછી મનપ્રીતે ગણેશનગરમાં એક મકાન ભાડે લીધું હતું, જેમાં તે મહિલા સાથે રહેવા લાગ્યો હતો. ધીમે ધીમે તેને લાગ્યું કે હવે તે આ સંબંધમાં ફસાઈ રહ્યો છે, તેથી તેણે મહિલાને ખતમ કરવાનો પ્લાન બનાવ્યો. ૧ ડિસેમ્બરની રાત્રે તે ફ્લેટ પર પહોંચ્યો અને મહિલાની ૧૬ વર્ષની પુત્રીને તેના ખોરાકમાં ઊંઘની ગોળીઓ ભેળવીને સૂવડાવી દીધી અને થોડા સમય પહેલાં તેણે ખરીદેલા છરાથી મહિલાની હત્યા કરી.

પોલીસને શંકા છે કે શ્રદ્ધા મર્ડર કેસ જોયા બાદ આરોપીએ આ પ્લાન બનાવ્યો, તેથી જ તેણે છરો ખરીદ્યો હતો.

એનું પ્લાનિંગ પણ એવું જ હતું, પરંતુ ઘરમાં ૧૬ વર્ષની છોકરી હાજર હોવાથી તેણે ગુનો કર્યા પછી ફરાર થઈ જવાનું યોગ્ય માન્યું. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાની પુત્રીની ફરિયાદ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૨૦૧ (ગુનાના પુરાવા ગાયબ કરવા અથવા ખોટી માહિતી આપવી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે મંગળવારે મહેરૌલીનાં જંગલોમાંથી શ્રદ્ધા વોકરના મૃતદેહના ૧૩ ટુકડા કબજે કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૬ વર્ષની શ્રદ્ધાની હત્યા તેના લિવ-ઈન પાર્ટનર આફતાબ અમીન પૂનાવાલાએ કરી હતી. તેના કહેવા પર મૃતદેહના ટુકડા મળી આવ્યા હતા. દિલ્હીના પાંડવનગરમાં સોમવારે શ્રદ્ધા હત્યા જેવો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક મહિલાએ પુત્ર સાથે મળીને તેના પતિની હત્યા કરી હતી. પતિના મૃતદેહના ટુકડા કરી નાખ્યા હતા. બાદમાં મૃતદેહના ટુકડાને ફ્રિજમાં રાખ્યા હતા. પછી રાત્રિના સમયે માતા-પુત્ર આ ટુકડાઓ નજીકના મેદાનમાં ફેંકવા જતાં હતાં.

## રમકડા બાદ હવે ચીનમાંથી સસ્તા સીલીંગ ફેન અને સ્માર્ટ મીટરની આયાત પણ પ્રતિબંધિત કરવા તૈયારી

નવીદિલ્હી,તા. ૩

આત્મ નિર્ભર ભારત યોજના હેઠળ દેશમાં ચાઈનીઝ રમકડા અને બાળકોને રમવાની ગેઈમ્સ વગેરે પર પ્રતિબંધ મુકાયા બાદ હવે કેન્દ્ર સરકાર ચીનથી આયાત થતા વીજળીના પંખા અને સ્માર્ટ મીટરની આયાત પર પણ પ્રતિબંધ મુકવા તૈયારી કરી રહી છે.

કેન્દ્રના વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ટુંક સમયમાં ક્વોલીટી કંટ્રોલ ઓર્ડર હેઠળ ઈલેક્ટ્રીક પંખાઓ તથા સ્માર્ટ મીટરની આયાતને રોકશે.

દેશમાં સસ્તા ચાઈનીઝ રમકડાઓની આયાત સંપૂર્ણપણે પ્રતિબંધીત કર્યા બાદ ઘરેલુ રમકડા ઉદ્યોગને મોટી તક સર્જાઇ છે અને તેના કારણે દેશમાં રોજગારી પણ વધી રહી છે પરંતુ ઈલેક્ટ્રોનિક અને ઈલેકટ્રીક ક્ષેત્રે હજુ ચાઈનીઝ માલનો દબદબો છે.

ખાસ કરીને ચાઈનીઝ સીલીંગ ફેન કે જે અત્યંત સસ્તા મળે છે અને દેખાવમાં સારા હોય છે.

તે ઉપરાંત સ્માર્ટ મીટર કે જે અલગ અલગ પ્રકારે ઉપયોગમાં લેવામાં આવે છે તેની આયાત પ્રતિબંધીત કરવા તૈયારી છે. ૨૦૨૨ના નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ભારતમાં સીલીંગ ફેનની આયાત ૧૩૨% વધીને ૬.૨૨મીલીયન જેટલી પહોંચી ગઈ છે

જેમાં ચાઈનીઝ આયાત ૫.૯૯ મીલીયન ડોલરની રહી છે. જ્યારે ઈલેક્ટ્રીક સ્માર્ટ મીટરની કુલ આયાત ૩.૧ મીલીયન ડોલરની થઈ છે.

જેમાં ૫૦%થી વધુ આયાત ચાઈનામાંથી આવી છે.

૨૦૨૦માં સરકારે ક્વોલીટી કંટ્રોલ ઓર્ડર ઈસ્યુ કર્યા બાદ ચીનના સસ્તા માલની આયાત પર જબરી બ્રેક લાગી છે અને આ પ્રકારની આયાતમાં ખાસ કરીને રમકડા કે જે ચીનથી આવતા હતા તેની આયાત ૮૦% ઘટી ગઈ છે.

ભારત અને ચીન વચ્ચે જે પ્રમાણે વેપાર ખાધ વધતી જાય છે તે જોતા સરકાર ચીનમાંથી બિનજરુરી આયાતો બંધ કરવા માટે આગળ વધી રહી છે.

જો કે ભારતમાં ક્વોલીટી કંટ્રોલ એ મોટો ઈશ્યુ છે અને સ્થાનિક ઉદ્યોગો તેને વધુ મહત્વ આપતા નથી અથવાક્વોલીટી કંટ્રોલના કારણે ઉત્પાદનનો ખર્ચ વધી જતા તે મોંઘો બને છે સરકાર હવે તે અંગે પણ વિચારણા કરી રહી છે.

### ગેહલોત-પાયલટ વિવાદ

## મુખ્યમંત્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી એક-બીજા સાથે વાત કરતા નથી : પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજ

જયપુર,તા.૩

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટી (ભ્ન્રૂં)ના રાષ્ટ્રીય અધ્યક્ષ વસુંધરા રાજે સિંધિયાએ મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ વચ્ચેના વિવાદ પર મોટું નિવેદન આપ્યું છે. વસુંધરા રાજેએ કહ્યું કે, મુખ્યમંત્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી એક-બીજા સાથે વાત કરતા નથી. મંત્રી-અધિકારી એકબીજા સાથે લડી રહ્યા છે.જનતા માટે કોઈ પાસે સમય નથી. કોંગ્રેસનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વસુંધરા રાજે સિંધિયાએ કહ્યું કે, કાર્યકર્તાઓ મીડિયા અને પોસ્ટરોમાં નહીં, પરંતુ લોકોમાં દેખાવાની હોડ કરે.



જન આક્રોશ યાત્રાના શુભારંભના અવસર પર વસુંધરા રાજે સિંધિયાએ કહ્યું કે, કાર્યકર્તા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજસ્થાનની ગત ભાજપ સરકારના કામ લોકો સુધી પહોંચાડે. જો તમે ઈચ્છો છો કે પાર્ટી જીતના રેકોર્ડ તોડે તો વધુ આત્મવિશ્વાસમાં રહેવા છતા એકજૂથ અને એક સૂર થઈને મહેનત કરો. એકજૂથતાથી ન ભૂતો ન ભવિષ્યતિ'વાળી જીત હશે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાએ કહ્યું કે, કોંગ્રેસ સરકારના હવે વર્ષ નહીં, પરંતુ દિવસ બચ્યા છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીમાં બોલચાલ નથી. મંત્રી-મંત્રી અને મંત્રી-અધિકારી એકબીજા સાથે ઝઘડી રહ્યા છે.જનતાના આંસુ લૂછવાથી તેમને કોઈ મતલબ નથી. વર્ષ ૨૦૦૩માં ભાજપને ૧૨૦ અને વર્ષ ૨૦૧૩માં ૧૬૩ સીટો મળી હતી. કોંગ્રેસે ત્યારબાદ ૨ વખત સરકાર બનાવી લીધી, પરંતુ તેને ક્યારેય પૂર્ણ બહુમત ન મળ્યું. વર્ષ ૨૦૧૮માં માત્ર ૧ લાખ ૪૫ હજાર વોટથી જ ભાજપ પાછળ હતી. ઈઇઝ઼ંનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, તેમની સરકારમાં પૂર્વી રાજસ્થાન માટે સારી યોજનાઓ બનાવી હતી, પરંતુ આ યોજનાઓ પર કામ કરવાની જગ્યાએ કોંગ્રેસની સરકારે તેને વિવાદોમાં નાખી દીધી. વધારે આત્મવિશ્વાસમાં રહેવાની જગ્યાએ એકજૂથ અને એકમુખ થઈને મહેનત કરો.તેમણે કહ્યું કે, રાજનૈતિક વિશ્લેષક પૂર્વ મુખ્યમંત્રીના નિવેદનને અલગ-અલગ રાજકીય મહત્ત્વ કાઢી રહ્યા છે.

રાજસ્થાનમાં ભાજપમાં પોસ્ટરથી ચહેરા ચમકાવવાની રાજનીતિ કરનારા નેતાઓ પર વસુંધરા રાજેએ ઈશારાઓમાં નિશાનો સાધ્યો છે. રાજસ્થાન ભાજપમાં પોસ્ટર પોલિટિક્સને લઈને વસુંધરા રાજેનું આ નિવેદન મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે. વસુંધરા રાજેએ જનતા વચ્ચે સક્રિય થવાના સંકેત આપ્યા છે. એક વર્ષ અગાઉ ભાજપ કાર્યાલયમાં લાગેલા પોસ્ટરમાંથી તેમનો ફોટો હટાવવાના સવાલ પર જવાબ આપ્યો હતો.

# તંત્રી લેખ

## નીરસ ચૂંટણી વાતાવરણ: રાજકીય પક્ષોમા ચિંતા.....!!



*ગુજરાત રાજ્યની પ્રજા શાંત, સમજુ, વિવેકી અને સમજદાર છે. ગુજરાતના મહા માનવ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પોતડીભેર અંગ્રેજ શાસનને લડત આપી દેશને આઝાદી અપાવી હતી. તેઓએ જનમાનસમાં સિંચેલા સંસ્કારની અસર આમ પ્રજા- મતદારોમાં છવાઈ ગયેલી છે જેથી મતદારોએ મૌન ધારણ કરી લીધું છે... જેને લઈને રાજકીય પક્ષો તથા ઉમેદવારો અકળાયેલા છે. હજુ સુધી મતદારોનો મત જાણવા જે તે પક્ષોએ કરેલી વિવિધ દિમાગી કસરતો ઉપરાંત સભા સહિતના ઉધામાઓ ઉપર એક દિવસ પૂરતા મતદાનના દિવસે રાજા બનનારા મતદારોએ પાણી ફેરવી દીધું છે. આપ આને શાન ગણાતી ગુજરાતી ભાષા પર કેટલાક નેતાઓએ ધમકી ભરી કે અશિષ્ટ તેમજ જૂઠના સહારા ભર્યા ભાષા પ્રયોગ કર્યા છતાં મતદારોમાં ચૂંટણીનો ઉત્સાહ પ્રગટ્યો નથી તેમ જ ચૂંટણીપંચને આવું સંભળાયુ નથી કે પછી ફરિયાદ કરનારની રાહ જોઈ રહ્યું છે....! જો કે સભા કે રેલીમાં જનારાઓને નાછૂટકે સાંભળવું પડ્યું હોય... પરિણામે નિરસ ચૂંટણી વાતાવરણ બની ગયું છે. કેટલાક ઉમેદવારોનો બેફામ વાણી વિલાસ પણ લોકોને ચૂંટણી અનુસંધાને મેદાનમાં લાવી શકતો નથી અને આ બધી બાબતોનુ મૂળ કારણ છે વાસ્તવિક મુદ્દાઓ મોંઘવારી, બેરોજગારી, પેટ્રોલ- ડીઝલ- ગેસ, વીજળીની કિંમતોનો ભાવ વધારો ઉપરાંત શાળા કોલેજોની આનંદ ફી....વગેરે સહિતના મુદ્દા ભુલાયા છે. તો આમ પ્રજાને ૨૭ વર્ષથી સરકારની કાર્ય પદ્ધતિનો અનુભવ થઈ ગયો છે... સ્ટાર પ્રચારકો પાસે પણ લોકોને આકર્ષી શકે તેવા મુદ્દા રહ્યા નથી... તો પછી ઉમેદવાર પાસે ક્યાંથી હોય....? ગોધરાકાંડ, આતંકવાદ, કર્ફ્યુ, સમાન સિવિલ કોડ, ભારત જોડો યાત્રા નહીં પણ ભારત તોડો જેવા શબ્દો થકી ઉત્તેજનાત્મક ભાષણોનો દોર ચલાવ્યો છતાં પણ મતદારોએ અકળ મૌન ધારણ કરી લેતા રાજકીય ખેરખાંઓ અને રાજકીય પંડિતો પણ કોઈ નિષ્કર્ષ પર આવી શક્યા નથી.....! જોકે પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોના મતદાન પૂર્ણ થયા પછી દરેક રાજકીય પક્ષો બેઠકોની સંખ્યા સાથે મળવાનો દાવો કરી રહ્યા છે ત્યારે લોકો માર્મિક હાસ્ય કરી રહ્યા છે.... આવો રહ્યો છે ગુજરાતના મતદારોનો મીજાજ.....!*

*ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન થઈ ગયું છે અને બીજા તબક્કાના મત વિસ્તારોમાં પ્રચારનો શનિવાર સાંજના અંત આવનાર છે. પ્રથમ તબક્કાના મતદાન થઈ ગયા બાદ વિવિધ પક્ષોના બેઠકો મળવાના દાવા વચ્ચે ભાજપમાં ભારે દોડધામ મચી ગઈ છે તે સાથે બીજા તબક્કાના મતવિસ્તારોમાં સૌથી વધુ સભા ભાજપની થવા પામી છે તો વડાપ્રધાનશ્રીનો સૌથી લાંબો ૩૮ ક્ષ્ર નો અમદાવાદના લગભગ મત વિસ્તારોને સાંકળી લેતો રોડ શો કર્યો તેમજ અમિત શાહનો પણ વડોદરા ખાતે રોડ શો યોજાઈ ગયો પરંતુ સભાઓ અને રેલીઓમાં પાંખી લોક હાજરી રહેતા નેતાગણ ની ચિંતા વધારી દીધી છે. તેમાં પણ ઓવૈસીની પાર્ટી કોંગ્રેસના વોટ તોડશે તેવી ધારણા ઉલટી પડી હોય તેવું અનુભવાય છે, તેવુ લોકોની ચર્ચામાં સાંભળવા મળે છે રાજકીય પંડિતો તેમજ રાજકીય રસ ધરાવતા સક્રિય લોકોની ચર્ચા અનુસાર ઓવૈસીની એએમઆઈએમ પક્ષ મતદારો પર પ્રભાવ પાડી શકી નથી તેમજ કોંગ્રેસને નુકસાન પણ નહીં કરી શકે....! પરંતુ આમ આદમી પાર્ટી ભાજપ અને કોંગ્રેસ બંનેને નુકસાન કરી શકે તેવું સંભાવના વધી પડી છે જેમાં વધુ નુકસાન ભાજપને કરી શકે તેવી શક્યતા વધુ છે અને એ કારણે વડાપ્રધાનશ્રીના રોડ શોમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં સ્વયંભૂ ઉમટી પડતા લોકોની જેમ લોકો ઉમટી પડ્યા ન હતા છતાં લોકોની હાજરી નોંધનિય હતી, જો કે ખાડિયા- જમાલપુર વિસ્તાર માટે વડાપ્રધાનશ્રીના રોડ શોનું ઓચિંતું આયોજન કર્યુ તેને લઈને નોકરી- ધંધા, રોજગાર પર ગયેલા મતદારોના વાહન વ્યવહાર પર ભારે માઠી અસર થતા લોકોમાં આક્રોશ ફેલાઈ ગયો છે જેના કેવા પરિણામ આવે તે કહી ન શકાય....! જો કે મામાનું ઘર કેટલે....? તેની જાણ તારીખ ૮ ડિસેમ્બરે જ થઈ જશે....!! વંદે માતરમ*

# આન્યા મૃણાલ- પ્રકરણ ૧૯/ રાજુલ કૌશિક




એક વાવાઝોડું ફૂંકાઈ જાય અને આખી સૃષ્ટીને ખેદાનમેદાન કરી નાખે એ પછીની સ્મશાનવત શાંતિ ઘરમાં ફેલાયેલી હતી. એ શાંતિને ચીરતો કારની બ્રેકનો અવાજ સાંભળીને કૈરવ ઊંડા વિચારોમાંથી સફાળો જાગ્યો. વિનાશ કાળે વિપરીત બુદ્ધિની જેમ એ સમયે કૈરવની બુદ્ધિ સાનભાન ગુમાવી બેઠી હતી અને ન બનવાજોગ બની ગયું હતું. હવે પછી ડેડીને શું જવાબ આપવો એની ગડમથલમાં એ બેઠો હતો.

એને અને માધવીબેન બંનેને ખબર હતી કે અજયભાઈ તદ્દન નિષ્પક્ષ રીતે વિચારી શકતા હતા અને જે સાચું લાગે એ કરવામાં માનતા હતા. આજે જે બની ગયું હતું એ સાવ તો અણધાર્યું એ બંને માટે નહોતું પણ આ ઘર માટે, ડેડી માટે, મૃણાલ માટે અને આન્યા માટે તો હતું જ તો. એના પ્રત્યાઘાતો કેવા આવશે એની કલ્પના કરવી અઘરી નહોતી.

આન્યાને ઊંચકીને અજયભાઈ ઘરમાં પ્રવેશ્યા અને હળવેકથી દાદરા ચઢીને ઉપર પોતાના બેડરૂમમાં જઈ આન્યાને પોતાના બેડ પર આસ્તેથી સુવડાવી.બાથરૂમમાં જઈ શાવર લઈ નાઈટ ડ્રેસ પહેરીને આન્યા સાથે સુઈ ગયા.

ઘણી બધી વાર સુધી ડેડી નીચે ન આવ્યા કે ન કોઈને બોલાવ્યા. હવે માધવીબેન અને કૈરવ મૂંઝવણમાં પડ્યા. ભેંકાર શાંતિનોય ખળભળાટ હોઈ શકે? મા-દીકરો એકબીજાની સામે મ્હોં વકાસીને જોઈ રહ્યાં.

અંતે માધવીબેનથી ન રહેવાયું. ડરતાં ડરતાં ધીમા ડગે એ ઊપર ચઢ્યા. રૂમનું બારણું ધકેલીને અંદર પ્રવેશ્યા. કિંગ સાઈઝના ડબલ બેડ પર આન્યા અને અજયભાઈને સૂતેલા જોઈને એ ખચકાયા. આગળ અજયભાઈ તરફ વધે એ પહેલા જ અજયભાઈ બોલ્યા. “આજથી આન્યા મારી સાથે સૂઈ જશે. તમે તમારી વ્યવસ્થા બીજા રૂમમાં કરી લેજો.”

આવો તલવારની ધાર જેવો અજયભાઈનો અવાજ ભાગ્યેજ નીકળતો પરંતુ જ્યારે અવાજમાં એ ધાર આવે ત્યારે એમના અવાજ કે નિર્ણયનું ઉલ્લંઘન કરવાની હિંમત માધવીબેન કે કૈરવ બંનેમાં નહોતી.

જેવા આવ્યાં હતાં એવાજ ધીમા પગલે એ પાછાં ફરી ગયાં.

એ રાત પછીના બીજા દિવસની સવારે પણ અજયભાઈએ ન તો માધવીબેન સાથે મૃણાલ અંગે કોઈ વાત કરી કે ન તો કૈરવને એક પણ સવાલ પૂછ્યો.

એ દિવસથી અજયભાઈએ કૈરવ સાથે વાત કરવાનું બંધ કરી દીધુ અને માધવીબેનની સામે તો જોવાનું પણ ટાળવા માંડ્યું. એ દિવસથી અજયભાઈની દિનચર્યા આન્યા માટે, આન્યાની આસપાસ ગૂંથાવા માંડી.

સવારે આન્યા ઊઠે એ પહેલાં જ રૂમમાં એના માટે હોટ બોર્નવિટા અને બ્રેડ બટર મંગાવી લીધા. રામજીકાકા ચૂપચાપ ટ્રેમાં બધું ગોઠવીને લઈ આવ્યા ત્યારે એની સાથે પલાળેલી બદામ પણ હતી.

રામજીકાકાને ખબર હતી કે મૃણાલ સવારે દૂધ સાથે બદામ પણ આપતી. એ સિવાય રામજીકાકાને એ પણ ખબર હતી કે, આન્યા નાહીને તૈયાર થાય એટલે મૃણાલ એને કોઈ પણ બે ફ્રુટ્સ આપતી. આન્યા માટે શું કરવું એની રામજીકાકાને બધી ખબર હતી. આટલા વર્ષો આ ઘરમાં રહ્યા પછી હવે રામજીકાકાને એ પણ ખબર હતી કે હવે એમનાં માથે બીજી કઈ અને કેવી જવાબદારીઓ આવવાની છે.અજયભાઈએ સાચે જ રામજીકાકાના માથે ઘણી બધી જવાબદારી મૂકી દીધી. એમનો અને આન્યાનો વ્યહવાર રામજીકાકા થકી સરળતાથી ચાલવા માંડ્યો.

આન્યાને તૈયાર કરીને સ્કૂલે મુકીને અજયભાઈ ઑફિસ જતા અને આન્યાને સ્કૂલેથી પાછી લેવાના સમયે એ ઑફિસમાંથી નીકળી જતા. એમના દિવસો આન્યા અને માત્ર આન્યામય બનતા ચાલ્યા પણ આન્યાની ભીતરમાં એક ન સમજાય એવી ગૂંચવણો ઉભી થવા માંડી.

સવારે ઊંઘમાંથી ઊઠીને એણે સીધી બૂમ મારી “ મમ્માપ..”પણ, આજે એ મમ્માની સાથે મમ્માની રૂમમાં નહોતી. આજે તો એ દાદાજીના રૂમમાં દાદાજી સાથે હતી અને તો ય એના માટે હોટ બોર્નવિટા, બ્રેડ બટર અને બદામ તૈયાર હતા.

“મમ્મા ક્યાં છે?”

“તને તારી મમ્મા કેટલી ગમે છે?” દાદાજી એ સમજાવવાનું ચાલુ કર્યુ.

બે હાથ પહોળા કરીને આન્યાએ બતાવ્યુ “ આટલી બધી”.

“તને મમ્મા પાસે રહેવું કેટલું ગમે ?”

“આટલુ બધું” ફરી એકવાર બે હાથ પહોળા કરીને આન્યાએ જવાબ આપ્યો.

“ઓકે..હવે મને કહે કે, મમ્માને એની મમ્મા પણ કેટલી ગમે?”

“આટલી બધી.”

“મમ્માને એની મમ્મા સાથે રહેવું કેટલું ગમે?”

“આટલું બધું”.

અરે! આટલી વાતની દાદાજીને ખબર નથી ? આન્યાને દાદાજીના અજ્ઞાન માટે અચરજ થતું હતું

“તો પછી બેટા મમ્મા પણ ક્યારેક એની મમ્મા પાસે રહેવા જાય કે નહીં?”

“આન્યાને કીધા વગર? આન્યાને લીધા વગર?”

ઘરમાં બધા એને નામથી બોલાવતાં એટલે એ પોતે પણ એની વાત કરવા માટે નામનો જ ઉપયોગ કરતી થઈ હતી. આજ સુધી એવું તો ક્યારેય બન્યું નહોતું કે આન્યા ઘરમાં હોય તો મૃણાલ એને લીધા વગર નાનીના ઘેર ગઈ હોય. હા! પપ્પા તો ક્યારેય નહોતા આવતા.

“અને પપ્પા?” તરત જ બીજો સવાલ.

“પપ્પા એમના રૂમમાં તૈયાર થાય છે. પણ મમ્માએ આન્યાનું ધ્યાન રાખવાનું દાદાજીને કીધુ છે ઓકે?”

“પણ મમ્મા ક્યારે પાછી આવશે? આઇ વૉન્ટ મમ્મા.” કહીને આન્યાએ ભેંકડો તાણ્યો.

આન્યાના રડવાનો અવાજ સાંભળીને કૈરવ અને માધવીબેન દોડી આવ્યા પણ જે નજરે અજયભાઈએ એ બંનેની સામે જોયુ, એ બંને ત્યાં દરવાજા પાસે જ થીજી ગયાં.

એ ઘરમાં એ દિવસથી એક સન્નાટો થીજી ગયો.

એવો બીજો સન્નાટો શ્રીકાંત ગાયત્રીના ઘરમાં પણ થીજી ગયો હતો.

આલેખનઃ રાજુલ કૌશિક

# ભાજપના ઉમેદવારનું અજીબ નિવેદન વાયરલ, ૫-૨૫ વોટ બીજે નાંખશો તો ગાયમાતાનો શ્રાપ લાગશે

## ભાથીજીના વિરોધી હોય તેને ચોમાસામાં સાપ થઈને કરડશે

પંચમહાલ,તા.૩

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીમાં મોટાભાગના ઉમેદવારોએ બોલવામાં મર્યાદા વટાવી છે. કેટલાકે આખી ચૂંટણી વિવાદિત નિવેદનો આપ્યા છે, ત્યારે પંચમહાલના કાલોલના ભાજપ ઉમેદવારનો અજીબોગરીબ નિવેદનનો વીડિયો વાયરલ થયો છે. ભાજપ ઉમેદવાર ફતેસિંહ ચૌહાણે એક જાહેર સભામાં કહ્યું કે, ‘આવતીકાલે સાહેબ આવવાના છે, તમારે આવવાનું છે. તમારા ગાડીવાળાને હું પૈસા પહોંચાડી દઈશ. આપણી સામે કોઈ પક્ષ છે જ નહી. તમારા ૩૦૦૦ વોટ પાડી જ દેવાના છે. ૫-૨૫ વોટ બીજે નાંખશો તો ગાયમાતાનો શ્રાપ લાગશે. ભાથીજીના વિરોધી હોય તેને ચોમાસામાં સાપ થઈને કરડશે.’ ત્યારે ફતેસિંહ ચૌહાણના વીડિયો બાદ કાલોલમાં રાજકીય ગરમાવો વધ્યો.

કાલોલ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણના ભાષણનો વીડિયો વાયરલ થયો છે. ફતેસિંહ પોતાના ભાષણમાં કહી રહ્યાં છે કે, આવતીકાલે સાહેબ આવાના છે તમારે આવવાનું છે. કોઈએ પોતાના પૈસા ખર્ચી આવવાનું નથી, તમારી ગાડીવાળાને હું પૈસા પહોંચાડી દઈશ. ૧૦૦% મતદાન કરવાનું છે. આપણી સામે કોઈ પક્ષ છે જ નહીં અને બુથમાં બોગસ કરો કે જે કરો તે તમારા ૩૦૦૦ વોટ પાડી જ દેવાના. પરિણામ નક્કી જ છે અને બીજે કોઈ ૫-૨૫ વોટ નાંખી દેશો તો એને ગાય માતાનો શ્રાપ લાગવાનો છે. કોંગ્રેસ અને કેજરીવાલ બેય પાર્ટીઓ ગાય ખાવાવાળી છે. ભાથીજીના વિરોધી હોય એને ચોમાસામાં સાપ થઈને કરડજે. આજે બીજા તબક્કાના મતદાન માટે પ્રચારનો અંતિમ દિવસ હતો ત્યારે ફતેસિંહ ચૌહાણ સાથે ખૂબ જ મોટી સંખ્યામાં સમર્થકો અને કાર્યકર્તાઓ રેલીમાં જોડાયા હતા. આજે ફતેસિંહે પ્રચારના અંતિમ દિવસે એડીચોંટીનું જોર લગાવી પ્રચાર કરી રહ્યાં છે. ફતેસિંહ ચૌહાણે પોતાના કાર્યકરો સાથે બાઈક ચલાવી રેલીની આગેવાની લીધી હતી.

# અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૫ હજાર ૫૯૯ બુથ ઉપર મતદાન યોજાશે

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં લોકશાહીના ઉત્સવ સમી વિધાનસભાની ચૂંટણીનો બીજો તબક્કો હવે જાણે આંગણે આવીને ઉભો છે. અમદાવાદમાં ૫ ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન થવાનું છે. ત્યારે અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા બેઠકો પર વહીવટી તંત્ર સજ્જ છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૫ હજાર ૫૯૯ બુથ પર મતદાન થશે. દરેક વિધાનસભામાં ૭ સખી બુથ હશે જે સંપૂર્ણ મહિલા સંચાલિત હશે. અમદાવાદમાં ૧૧ જગ્યાએ તંબુ ઉભા કરીને મતદાન મથક ઉભા કરવામાં આવ્યા છે. પોલિંગ સ્ટાફની ટ્રેનિંગ પૂર્ણ કરવામાં આવી છે.

અમદાવાદના કલેક્ટર ડૉ.ધવલ પટેલે કહ્યું કે- ૪ ડિસેમ્બરે ઈફ્સ સહિત બુથ પરની સામગ્રી લઈને કર્મચારીઓ જે તે બુથ પર જવા નીકળશે. દરેક બુથ પરના ઈફ્સ સાથે રિઝર્વ ઈફ્સ પણ હશે. મતદાન પૂર્ણ થયા બાદ જે ઈફ્સમાં મત પડ્યા હશે તે ઈવીએમને સુરક્ષાકર્મીઓ સાથે રાખી મતગણતરી સેન્ટર પર લઈ જશે. જ્યારે મત ન પડ્યા હોય તેવા રિઝર્વ ઈફ્સને વેરહાઉસમાં લઈ જવાશે. ઈફ્સને પણ ચાર કેટેગરીમાં વહેંચવામાં આવશે. છ કેટેગરીમાં નોર્મલ વોટિંગ, મ્ કેટેગરીમાં રિપ્લેસમેન્ટમાં વોટ થયા તેવા, ઝ કેટેગરીમાં મોકપોલ અને ઢ કેટેગરીમાં વપરાયા નથી તેવા ઈફ્સનો સમાવેશ કરાયો છે.

કુલ ૫ હજાર ૫૯૯ મતદાન મથકોમાંથી ૨ હજાર ૮૦૦ મથકો પર ઝઝ્ફથી મોનિટરિંગ થશે. મતદાન માટે કુલ ૯ હજાર ૧૫૪ ઝેં મશીન, ૯ હજાર ૧૫૪ મેં મશીન અને ૯ હજાર ૪૨૫ ફફઁછ્ મશીન વહેંચવામાં આવ્યા છે. જો કોઈ મશીન બગડે તો તેને રિપ્લેશ કરવા આ વખતે ૬૩ ટકા લેખે મેં અને ઝેં મશીન રિઝર્વ રખાયા છે. જ્યારે ૬૮ ટકા લેખે દૃદ્ઁ મશીન રિઝર્વ રખાયા છે. ૨૧ વિધાનસભાના કુલ ૫૫૯૯ બુથને લઈને પ્રક્રિયા ચાલી રહી છે. ૨૧ વિધાનસભામાં સૌથી વધુ દસક્રોઈમાં ૪૧૩ બુથ છે.

મહત્વનું છે કે પ્રથમ તબક્કાના મતદાન પહેલા જ પોલીસ અને હોમગાર્ડ જવાનોનું મતદાન કર્યુ.

# ૨૦૧૯-૨૦૨૦માં રણજી ટ્રોફી જીત્યા બાદ હવે વિજય હઝારે ચેમ્પિયન્સ બનતું સૌરાષ્ટ્ર

અમદાવાદ,તા.૩

દેશની સર્વોચ્ચ ક્રિકેટ ટુર્નામેન્ટ માંથી એક એટલે વિજય હઝારે ટ્રોફી. ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા આયોજિત વિજય હઝારે ટ્રોફીમાં દેશના અલગ અલગ રાજ્યોની ટીમ વચ્ચે વનડે મેચ ની સ્પર્ધા થતી હોય છે. રણજી ટ્રોફી, દિલીપ ટ્રોફી, ઈરાની કપ ની જેમ વનડે ક્રિકેટ માટે વિજય હઝારે ટ્રોફી અત્યંત મહત્વની હોય છે.

દેશભરના ક્રિકેટ રસિકો, સિલેકટર, ક્રિકેટર, ક્રિકેટ બોર્ડ સહિતની નજર આ ટુર્નામેન્ટ પર હોય છે. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પરફોર્મન્સ પર થી ભારતીય ટીમ માટે નવી પ્રતિભાઓ પણ સિલેક્ટ થતી હોય છે.

ત્યારે ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલ



વિજય હઝારે ટ્રોફી ફાઈનલમાં સૌરાષ્ટ્રનો મહારાષ્ટ્ર સામે ૫ વિકેટે ભવ્ય વિજય થયો હતો.

સૌરાષ્ટ્રના કેપ્ટન જયદેવ ઉનડકટએ ટોસ જીતી પેહલા બોલિંગ કરવાનું પસંદ કર્યું. મહારાષ્ટ્રએ ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૨૪૮ રન કર્યાં, જેમાં કેપ્ટન ઋતુરાજ ગાયેક્વાડએ ૧૦૮ રન કર્યા. સૌરાષ્ટ્ર તરફથી ચિરાગ જાનીએ ૪૯મી ઓવરમાં હેટ્રીક લીધી. આ ઉપરાંત જયદેવ ઉનડકટ, પ્રેરક માંકડ અને પાર્થ ભૂતે એક - એક વિકેટ લીધી.

૨૪૯ રન ચેઝ કરવામાં બન્ને ઓપનર દ્વારા મજબૂત શરૂઆત થઈ. હાર્વિક દેસાઈએ ૫૦ રન કર્યા, શેલ્ડન જેક્સનની જબરદસ્ત સેન્ચ્યુરી - અણનમ ૧૩૩ રન. ચિરાગ જાનીના અણનમ ૩૦ રન. સૌરાષ્ટ્રએ ૪૬.૩ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૨૪૯ રન કર્યા. શેલ્ડન જેક્સનને મેન ઓફ ધી મેચનો એવોર્ડ ગુજરાત ક્રિકેટ એસો.ના સેક્રેટરી અનિલ પટેલ હસ્તે અર્પણ કરાયો.

ઋતુરાજ ગાયેકવાડને પ્લેયર ઓફ ધી સિરીઝ એવોર્ડ ભારતીય ક્રિકેટ બોર્ડના પૂર્વ સેક્રેટરી નિરંજનભાઈ શાહના હસ્તે અપાયો. સૌરાષ્ટ્ર ટીમના કેપ્ટન જયદેવ ઉનડકટને વિનીંગ ટ્રોફી ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહનાં હસ્તે અપાઈ.

૨૦૦૭ ની ટીમ : કેપ્ટન જયદેવ શાહ, સિતાંશુ કોટક, ચેતેશ્વર પુજારા, રવીન્દ્ર જાડેજા, સંદીપ મણિયાર, ચિરાગ પાઠક, કુલદીપ રાવલ, કમલેશ મકવાણા, ડૉ.અર્જુનસિંહ રાણા, મહેશ ચૌહાણ, બાલકૃષ્ણ જાડેજા, રાકેશ ધ્રુવ, પ્રતિક મેહતા, જયેશ ઓડેદરા

૨૦૨૨ની ટીમઃ કેપ્ટન જયદેવ ઉનડકટ, ચિરાગ જાની, શેલ્ડન જેક્સન, પ્રેરક માંકડ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પાર્થ ભૂત, કુષણગ પટેલ, સમર્થ વ્યાસ, જય ગોહિલ, અર્પિત વસાવડા, વિશ્વરાજ જાડેજા, યુવરાજ ચુડાસમા, ચેતન સાકરીયા, અભિષેક ઠાકર, નીરજ ઓડેદરા, વિશાલ વસોયા, વીરેન્દ્ર વેગડા

# સૌરાષ્ટ્રમાં ઠંડીનો ચમકારોઃ હળવા પવનથી વાતાવરણ ઠંડુગાર, માઉન્ટ આબુ પર હાડ થીજાવતી ટાઢ

રાજકોટ,તા.૩

સૌરાષ્ટ્રમાં શિયાળો ધીરેધીરે જમાવટ લઈ રહ્યો છે. સવારે ઝાકળવર્ષા પવનના કારણે સુસવાટાથી વાતાવરણ ઠંડુગાર અને આહલાદાયક બની રહ્યું છે. આજે સવારના પહોરમાં તાપમાનનો પારો સળસળાટ નીચે ઉતાર્યો હતો અને પવન અને ભેજની ટકાવારીથી ટાઢનો ચમકારો દેખાયો હતો. માઉન્ટ આબુ સહિતના હિલ સ્ટેશનો પર કડકડતી ઠંડી, ગોરા અને નખી સરોવર પર બરફની પાતળી પરખ જોવા મળી હતી.સૌરાષ્ટ્ર પર ઉત્તર ભારતના હિમ વાયરા જેવા ઠંડા પવનની ટાઢનો ચમકારો જોવા મળ્યો છે. છેલ્લા બે દિવસથી દિલ્હી સહિત ઉત્તર ભારતમાં બરફવર્ષા અને હિમ વાયરાના વાતાવરણની અસર છેક ગુજરાત અને સૌરાષ્ટ્રમાં દેખાવા લાગી છે. આજે સત્તાવાર રીતે હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલા હવામાનના આંકડામાં મહત્તમ તાપમાન ૧૮.૬, લઘુત્તમ તાપમાન ૧૫.૬‘ વચ્ચે ગીરનાર ઉપર તાપમાનનો પારો ૧૦ ડિગ્રી અને આબુ ઉપર ૫ ડિગ્રી સુધી નીચે સરકી ગયો હતો. સવારે ઝાકળવર્ષાના કારણે વાતાવરણમાં ભેજની ટકાવારી ૮૬ ટકા સુધી જોવા મળી હતી.૨ થી ૫ કિલોમીટરની ફૂંકાયેલા પવનના કારણે વાતાવરણ ટાઢુ બોળ બની ગયું હતું. સવારના અલાયદી વાતાવરણમાં સૌરાષ્ટ્ર-ગુજરાત અને રાજકોટ સહિતના શહેરોમાં આરોગ્ય માટે ખંતીલા લોકો વહેલી સવારે જોગીંગ માટે ટહેલતા જોવા મળ્યા હતા. ગીરનારના અંબાજી ટૂક પર હાડ થીજાવતી ઠંડીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ઉત્તર ભારતમાં બરફ અને હિમવર્ષાથી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હવે દિવસે દિવસે શિયાળો વધુ કાતિલ બનશે.

# ૫૧ વર્ષનો રાજકારણનો અનુભવ છે, હું વ્યક્તિ નહીં નીતિની રાજનીતિ કરુ છું: મોદીને રાવણ કહેવા પર ખડગેની સ્પષ્ટતા

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ કથિત રીતે ‘રાવણ‘વાળી ટિપ્પણી કરનારા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે રાજકીય રીતે ટીકાઓનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં પણ ભાજપ તેમની આ ટિપ્પણીનો ફાયદો શોધી રહી છે.

ત્યાર હવે પીએમ મોદી પર આ પ્રકારની ટિપ્પણીને લઈને કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ ભાજપ પર ગુજરાત ચૂંટણીમાં જશ ખાંટી જવા માટે તેમના નિવેદનોનો દુરુપયોગ કરાતો હોવાનો આરોપ લગાવ્યો છે. કહ્યું છે કે, હું નીતિઓ પર રાજનીતિ કરુ છું, વ્યક્તિ વિશેષ પર નહીં.

પોતાની ટિપ્પણી પર થઈ રહેલા વિવાદ બાદ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે, કોંગ્રેસની રાજનીતિ કોઈ એક વ્યક્તિ વિરુદ્ધ અથવા તેમના વિશે નથી હોતી. અમારી રાજનીતિ નીતિઓને લઈને હોય છે. તેઓ પરફોર્મેન્સ પોલિટિક્સમાં વિશ્વાસ કરે છે, પણ ભાજપની રાજકીય શૈલીમાં મોટા ભાગે લોકતંત્રની ભાવનાનો અભાવ હોય છે. કારણ કે ભાજપની રાજનીતિ દરેક જગ્યાએ એક વ્યક્તિ વિશેષ પર કેન્દ્રીય હોય છે. તેમણે કહ્યું કે, ભાજપ મારા નિવેદનને ચૂંટણી લાભ ખાંટવા માટે દુરુપયોગ કરી રહી છે. તો વળી ગુજરાત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની સંભાવનાઓના સવાલના જવાબમાં તેમણે આરોપ લગાવ્યો છે કે, આપ કોઈના ઈશારા પર કોંગ્રેસના મતોનું ધ્રુવીકરણ કરવા માટે કામ કરી રહી છે. ખડગેએ કહ્યું કે, ભાજપ અને પ્રધાનમંત્રી મોદીની રાજકીય શૈલીમાં મોટા ભાગે લોકતંત્રની ભાવનાનો અભાવ હોય છે.

# કોંગ્રેસમાં કોઈ અધ્યક્ષ બનવા તૈયાર નહોતું ખડગે બન્યા ત્યારથી દુ:ખી : સ્મૃતિ ઈરાની

અમદાવાદ,તા.૩

વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી ૫મીએ યોજાશે ત્યારે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ૩ બેઠક માટે સભાને સંબોધી હતી. ભાયલીમાં તેમણે કોંગ્રેસને આડેહાથ લીધી હતી. તેઓએ રાજ્યમાં ગાંધી પરિવાર કેમ પ્રચાર માટે નથી આવ્યું તેવા સવાલો પૂછી ગુજરાતનું અપમાન કરનારને વોટ ન આપવા અપીલ કરી હતી. જ્યારે ભાયલીની સભામાં ડભોઈના ઉમેદવાર શૈલેષ સોટ્ટાએ પણ વિરોધીઓ પર શાબ્દિક પ્રહાર કર્યા હતા.

સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓ હાર માની ચૂક્યા છે, જેના કારણે એક પણ આગેવાન ગુજરાતની ચૂંટણીમાં ફરક્યા પણ નથી. બીજી તરફ છાણીમાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, નર્મદાના પાણીને લઈને નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઉપવાસ કરવા પડ્યા હતા. જેને કારણે કોંગ્રેસના આગેવાનોએ દિલ્હી જઈ મેડમને કહ્યું પડ્યું હતું કે, જો નર્મદાનું પાણી નહીં પહોંચાડાય તો જનતા કોંગ્રેસને ગુજરાતમાં આવવા નહીં દે. કોંગ્રેસના એક-એક વ્યક્તિને કહેવું પડે છે કે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ બનો.

અશોક ગેહલોત ના કહ્યું અને અન્ય નેતાઓએ કહ્યું અમારે તમારી ચાકરી નથી કરવી. છેલ્લે ખડગેજી બન્યા. અને ત્યારથી તે દુ:ખી છે

બીજી તરફ ભાયલીની સભામાં ડભોઈના ભાજપના ઉમેદવાર શૈલેષ સોટ્ટાએ સંબોધનમાં કહ્યું કે, કોઈએ હવા ચલાવી હતી કે હું બહારનો છું, કોઈએ કહ્યું કે હું અમુક કોમને ત્યાં ઘૂંટણિયે પડવા ગયો હતો.

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
**Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001**